| GJSK040001962025 | | |
|---|---|---|
| | આંક– | |
| | કેસ દાખલ તા: | ૦૬/૦૨/૨૦૨૫ |
| | કેસ રજી.તા: | ૦૬/૦૨/૨૦૨૫ |
| | કેસ ફેસલ તા: | ૦૯/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

## ઇડરનાં મહે. એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ સાહેબની કોર્ટમાં, મું.ઇડર

**ફોજદારી કેસ નં.૧૧૯/૨૦૨૫**

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી :– રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ મકવાણા, ઉ.વ.૩૦,
રહે.કપોડા, તા.ઇડર, જી.સાબરકાંઠા.

**ગુન્હો :– પ્રોહી. એકટની કલમ–૬૫–એ–એ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબ.**

––––––––––––––––––––––––––––––––––––––

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી પી.બી.દવે.
આરોપી તરફે વિ.વ.શ્રી જી.આઇ.કુંપાવત.

––––––––––––––––––––––––––––––––––––––

**:– ઠરાવ :–**

૧. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે મોજે દરામલી ચોકડી પાસે રોડ ઉપર પોતાના કબ્જાની મોટર સાયકલ હિરો કંપનીની ગ્લેમર મોડેલની કાળા કલરની બ્લુ કલરના પટ્ટાવાળી મોટર સાયકલ જેનોઆર.ટી.ઓ રજી.નં.જી.જે.૦૯ ડી.એલ.૦૯૨૩ કિં.રૂા.૩૫,૦૦૦/– માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની રોયલ સ્ટેગ કંપનીની સીલબંધ માર્કાવાળી કાચની બોટલ ૩૭૫ મી.લી.નંગ–૦૨ જેમાં એક બોટલની કિં.રૂા.૩૫૦/– લેખે બે બોટલની કિં.રૂા.૭૦૦ /– તથા બ્લેન્ડર પ્રાઇડ કંપનીની સીલેકટ પ્રિમિયમ વ્હીસ્કી સીલબંધ માર્કાવાળી કાચની બોટલ ૭૫૦ મી.લી. નંગ–૦૧ કિં.રૂા. ૧૦૦૦/– કુલ દારૂની બોટલ નંગ–૦૩ જેની કિં.રૂા.૧૭૦૦/–

